સાતમા પગાર પંચના પગાર/પેન્શન
તફાવતની રકમની ચૂકવણી કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૫-૪૭૪-૧૮-પગાર એકમ
તારીખ: ૧૩/૦૩/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા. ૧૬/૮/૨૦૧૬નો ઠરાવ ક્ર. પગર-૧૦૨૦૧૬-૧-પગાર એકમ
(૨) નાણા વિભાગનો તા.૧૫/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્ર.પગર-૧૦૨૦૧૬-૬-પગાર એકમ
(૩) નાણા વિભાગનો તા.૧૫/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્ર. પગર-૧૦૨૦૧૬-૭-પગાર એકમ
(૪) નાણા વિભાગના તા-૧૨-૦૫-૨૦૧૭નો ઠરાવ ક્ર-વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

//ઠરાવ//

૧. સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા સરકારના અને પંચાયતના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ તા.૦૧-૦૧-૨૦૧૬થી સુધારેલ પગાર માળખામાં પગાર સુધારણા મંજુર કરવા અંગેનો નિર્ણય નાણા વિભાગના ઉપર વંચાણે લીધેલ તા.૧૬-૮-૨૦૧૬ના ઠરાવથી તેમજ પેન્શન સુધારણા કરવાનો નિર્ણય ઉક્ત તા-૧૫-૧૦-૨૦૧૬ના ઠરાવોથી લેવામાં આવેલ હતો.

૨. રાજ્ય સરકારના નિર્ણય મુજબ પંચાયત તેમજ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સાતમા પગાર પંચનો વાસ્તવિક અમલ એટલે કે પગારમાં ચૂકવણી તા.૦૧-૮-૨૦૧૬થી કરવામાં આવેલ છે જ્યારે પેન્શન સુધારણાનો વાસ્તવિક અમલ તા. ૦૧-૧૦-૨૦૧૬થી કરવામાં આવેલ છે.

૩. સરકારશ્રીના ઉપર મુજબના નિર્ણય સંદર્ભે રાજ્ય સરકારના અને પંચાયતોના કર્મચારીઓને તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૬ સુધીના સાત (૭) માસના પગારના તફાવતની રકમ જ્યારે રાજ્યના પેન્શનરોને પણ તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૯-૨૦૧૬ સુધીના નવ (૯) માસના પેન્શન તફાવતની રકમ ચૂકવવાની થાય છે.

૪. ઉક્ત બાબતે રાજ્યના કર્મચારી મંડળો/મહામંડળો અને પેન્શનર મંડળો દ્વારા પગાર-પેન્શન તફાવતની રકમ ચૂકવવા અંગેની માંગણીઓને ધ્યાને રાખીને માન. નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા તા-૧-૦૩-૨૦૧૮ના રોજ વિધાનસભા ગૃહમાં , વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ નિવેદન કરીને રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સના હીતમાં ઉક્ત તફાવતની રકમ ચાલુ વર્ષે ત્રણ હપ્તામાં રોકડેથી ચૂકવવાનો નિર્ણય કરેલ છે.

૫. રાજ્ય સરકારના ઉક્ત નિર્ણયને ધ્યાને રાખીને તે મુજબ કર્મચારીઓ તેમજ પેન્શનર્સને સાતમા પગાર પંચના તફાવતની રકમનો પ્રથમ હપ્તો ચાલુ વર્ષના માર્ચ માસમાં, બીજો હપ્તો મે માસમાં તેમજ ત્રીજો હપ્તો જુલાઇ માસમાં ચૂકવવાનું ઠરાવવામાં આવે છે.

૬. નાણા વિભાગના તા-૧૨-૦૫-૨૦૧૭ના ઠરાવથી રાજ્યના કર્મચારી અને પેન્શનર્સને સાતમા પગાર પંચ મુજબ તા-૧-૦૭-૨૦૧૬થી ૨% અને તા-૧-૦૧-૨૦૧૭થી ૨% મુજબ મળી કુલ-૪% મોંઘવારી ભથ્થુ/હંગામી વધારો મંજુર કરવામાં આવેલ હતો અને તે રોકડમાં ચૂકવવાનું નક્કી થયેલ હતું. પરંતુ સાતમા પગાર પંચ મુજબની પગાર સુધારણાનો વાસ્તવિક અમલ તા-૧-૦૮-૨૦૧૬થી તેમજ પેન્શન સુધારણાનો વાસ્તવિક અમલ તા-૧-૧૦-૨૦૧૬થી કરવામાં આવેલ હોઇ તફાવતની રકમની ગણતરીમાં સરળતા રહે તે ધ્યાને રાખીને કર્મચારીઓને તા-૧-૦૭-૨૦૧૬ થી તા-૩૧-૦૭-૨૦૧૬ સુધીના એક માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ તેમજ પેન્શનર્સને તા-૧-૦૭-૨૦૧૬થી તા-૩૦-૦૯-૨૦૧૬ સુધીના ત્રણ માસના હંગામી વધારાના તફાવતની રકમ ચૂકવવામાં આવેલ ન હતી તે મળવાપાત્ર રકમ આ હુકમો હેઠળ ચૂકવી આપવાની રહેશે.

૭. ત્રીજા તેમજ અંતીમ હપ્તાની ચૂકવણી પગાર બાંધણની ચકાસણી થયા બાદ જ કરવાની રહેશે. પે વેરીફિકેશન સંદર્ભે જો ચૂકવાયેલ પગાર-ભથ્થા કે તફાવતની રકમમાં વધઘટ જણાય તો

તે રકમ કર્મચારી/ અધિકારીને   ચૂકવવાપાત્ર પગાર -ભથ્થા કે ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમના હપ્તાઓની ચૂકવણીમાં સરભર કરવાની રહેશે.

૮.   આ ચૂકવણી કરવા અંગે સબંધિત ઉપાડ અધિકારીશ્રી દ્વારા રજુ કરવાના થતાં બીલોમાં બીલની રકમ નીચેના બજેટ/ઈડીપી કોડ સામે દર્શાવવાની રહેશે.

| Government | | |
|---|---|---|
| Sr. No | Object Of Expenditure | Budget / EDP Code |
| 1 | ROP (Arrears (Gazetted) | 0117 |
| 2 | ROP (Arrears ( Non-Gazetted) | 0118 |

| Panchayat | | |
|---|---|---|
| Sr. No | Object Of Expenditure | Budget / EDP Code |
| 1 | ROP (Arrears (Gazetted) | 3115 |
| 2 | ROP (Arrears ( Non-Gazetted) | 3116 |

૯.   જે બોર્ડ -કોર્પોરેશન તેમજ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને નાણા વિભાગની મંજુરીથી સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તેવા કિસ્સામાં તેઓના કર્મચારીઓને ચૂકવવાની થતી પગાર અને પેન્શનના  તફાવતની રકમની ચૂકવણી બાબતે રાજ્ય સરકાર દ્વારા અલગથી જરુરી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના:-</u>

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુલન, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ, પગાર એકમ, મ, ચ, પી, અ અને ઝ- શાખાઓ, નાણા વિભાગ
આઈટી કોર્ડીનેટર-નાણા વિભાગ- ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
* પત્ર દ્વારા